Annexure -7

સહાય પરત કરવા માંગતા હોય તેવા વિદ્યાર્થીઓ માટે અગત્યની સુચના

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાની જોગવાઈ મુજબ વિદ્યાર્થીએ રાજ્ય સરકાર અથવા ભારત સરકાર અથવા અન્ય કોઈ યોજનાઓ પૈકી કોઈ એક યોજના હેઠળ લાભ મેળવવા પસંદગી કરવાની રહે છે. કોઈપણ વિદ્યાર્થી એક સાથે એકથી વધુ યોજનાને પસંદગી આપી શકતો નથી એટલે કે કોઈ એક યોજના હેઠળ જ લાભ મેળવી શકે છે. આથી વિદ્યાર્થી અન્ય જગ્યાએથી સહાય મેળવવાનું પસંદ કરે તો મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ મળેલ સહાય પરત કરવાની રહે છે.

જો કોઈ વિદ્યાર્થીને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ મળેલ સહાય પરત કરવાની થતી હોય તેવા કિસ્સામાં નીચેની સુચનાઓ ધ્યાને લેવાની રહેશે.

૧. વિદ્યાર્થી MYSY/KKNની સહાયની રકમ તેના બેંક ખાતામાં જે તારીખે જમા થાય તેના ૩૦ દિવસમાં MYSY હેઠળ મળેલ સહાયની પુરેપુરી રકમ પરત કરશે તો તેની પાસેથી વ્યાજ વસુલવામાં આવશે નહિ પરંતુ જો વિદ્યાર્થી દ્વારા તેની MYSYની સહાયની રકમ તેના બેંક ખાતામાં જે તારીખે જમા થાય તેના ૩૦ દિવસ બાદ પરત કરવામાં આવે ત્યારે તેવા કિસ્સામાં તે વિદ્યાર્થી પાસેથી નીચેના ફોર્મુલા મુજબ ૧૮%ના વાર્ષિક દરે વ્યાજ પણ વસુલવામાં આવશે.

ફોર્મુલા: **Amount × 18 × (વિદ્યાર્થીની MYSYની સહાયની રકમ તેના બેંક ખાતામાં જે તારીખે જમા થાય તે તારીખથી જેટલા મહિના સુધી MYSYની સહાયનાં નાણા પોતાની પાસે જમા રાખેલ હોઈ તે મહિનાની સંખ્યા)/ (100 × 12)**

$$Interest = \frac{Amount \text{ X } 18 \text{ X } months}{100 \text{ X } 12}$$

ઉદાહરણ: જો વિદ્યાર્થીની MYSYની સહાયની રકમ રૂપિયા ૧૦,૦૦૦=૦૦ તેના બેંક ખાતામાં તારીખ: ૦૧/૦૧/૨૦૧૮ના રોજ જમા થાય ત્યારબાદ જો તે સહાયની રકમ તારીખ: ૦૧/૦૪/૨૦૧૮ના રોજ પરત કરે તો તેને ૩ મહિનાનું વ્યાજ ઉપરના ફોર્મુલા મુજબ ચુકવવાનું કહેશે પરતું જો તે વિદ્યાર્થી સહાયની રકમ તારીખ: ૦૨/૦૪/૨૦૧૮ના રોજ પરત કરે તો તેને ૪ મહિનાનું વ્યાજ ઉપરના ફોર્મુલા મુજબ ચુકવવાનું કહેશે.

૨. વિદ્યાર્થીએ આ યોજના હેઠળ મેળવેલ સહાયની રકમ પરત કરવા નિયત પત્રકમાં અરજી કરવાની રહેશે.

૩. વિદ્યાર્થીએ નિયત અરજી સાથે સહાયની પુરી રકમનો **"Knowledge Consortium of Gujarat MYSY"** ના નામનો અમદાવાદ ખાતે ચુકવવાપાત્ર (payable at Ahmedabad) ડિમાન્ડ ડ્રાફ્ટ જોડવાનો રહેશે.

૪. MBBSની વિદ્યાર્થીનીઓએ નિયત અરજી સાથે કન્યા કેળવણી નિધિ હેઠળ મળેલ સહાયની પુરી રકમનો **"MUKHYA MANTRI KANYA KELAVNI NIDHI YOJANA"**ના નામનો અમદાવાદ ખાતે ચુકવવાપાત્ર (payable at Ahmedabad) ડિમાન્ડ ડ્રાફ્ટ જોડવાનો રહેશે. (ઉપરાંત MYSYની સહાય મુદ્દા ૩. મુજબ પરત કરવાની રહેશે.)

૫. વિદ્યાર્થીએ નિયત નમુનામાં અરજી અને ડિમાન્ડ ડ્રાફ્ટ નીચેના સરનામે રૂબરૂમાં જમા કરાવવાના રહેશે.

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અમલીકરણ સેલ
નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત (કેસીજી), પ્રજ્ઞાપુરમ,
પી.આર.એલ સામે,
એલ.ડી.ઈજનેરી કોલેજ પાસે,
નવરંગપુરા,
અમદાવાદ-૩૮૦૦૧૫